ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

# ભાણસાહેબ ના સંવાદાત્મક ભજનનો મર્મ

**ડૉ. મધુભાઈ એમ. હીરપરા**

**(એસોસિએટ પ્રોફેસર)**

દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય,

અલીયાબાડા, તા.જી. જામનગર.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org

An International Multidisciplinary Research E-Journal

**શોધપત્ર**

अनुद्वेग करं वाक्यं सत्यं प्रियं हितं च यत् ।

स्वाध्यायांभ्यसनं चैव वाड्गमय तपः उच्यते ॥ ગીતા અ-૧૭/૧૫

વાકય વાણીનું અંગ છે. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, પ્રાચીન ગુજરાતી વગેરે ક્રમશઃ સ્વરુપ ભજનવાણીમાં વૈખરી સ્વરુપે પ્રચલિત થયું છે. બધામાં 'ગીતા'માં વાઙ્મય તપ કોને કહે છે તે શૉવ્યું છે. ભજનો સામાન્ય રીતે લોકોની બોલચાલની ભાષામાં વિકસ્યા છે. તેનું સ્વરુપ થોડું માર્મિક, હાર્દિક અને બોધાત્મક પણ છે. શાસ્ત્રની મધ્યમા ભાષાને સરળ ચિંતનાત્મક રીતે રજૂ કરવામાં ભાણ સાહેબનું ઘણું પ્રદાન છે. તેમના બે શિષ્યોમાં બુંદ શિષ્ય ખીમસાહેબ અને નાદ શિષ્ય રવિ સાહેબ આ ભાષા-ભજન સંપ્રદાયને આગળ ધપાવવા ઘણા ભજનો નિર્માણ કર્યા છે. પ્રસ્તુત શોધપત્રમાં અગનના ભેદનું રહસ્ય જણાવવાની વિનંતી કરતુ સંવાદાત્મક ભજન તથા અધ્યાત્મના જામની અસર દર્શાવતા ભજનના રસપાનની અલ્પ ઝલક દર્શાવવાનો નમ્ર પ્રયાસ છે.

શાસ્ત્રની ગુઢ અને રહસ્યયુકત ભાષાને લોકભાગ્ય હતૃભાષામાં રજૂઆત કરનાર ભજનોમાં ભાણ સંપ્રદાયની પરંપરા અગ્રેસર રહી છે. આ ભજનો આજે પણ રાત્રિના સમયમાં બહુધા તૈય સ્વરુપે તાલબધ્ધ રીતે દેશી વાદ્યો સાથે ગવાય છે અને તેનું પાન સંસ્કાર સિંચનનું અને સંસ્કૃતિ જાગૃતિનું કાર્ય કરે છે. એક-બે ઉદાહરણો દ્વારા એ વ્યકત થાય છે. પ્રથમ સંવાદાત્મક રજૂઆત છે; જોઈએ...

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

જી રે રાંતો ભેદ અગમરા જો રે

ખીમ – કૈસે સત્ગુરુ સમરીએ, કયુ કર લીજે નામા

કહાં ઉત્તકુ દેખીએ તો કહાં હું આતમરામા

રવિ – સાસ ઉસાસે સમરીએ અહોનિશ બીજે નામા

[1] નૂરતસૂરતસે નીરખીયે તો, ઘટોઘટ હૈ આતમરામા...

ખીમ – કહાં સે વીજું કરે ઝબુકા, કહાં સે જયોતિ જાગે

કહાં સદ્ગુરુ કી નોબત વાગે, તખતે કોન બિરાજે...

રવિ – આપ તેજ સે કરે ઝબુકા, ત્રિકુટી જયોતું જાગે

ગગન મંડળમેં નોબત વાગે, તખતે આપ બિરાજે...

ખીમ – કહાં સે આયા કીધર જાયેગા, કોન તુમેરા ધામા

આ કાયા પલમેં પડી જાયે, ફેર બતાવો ઠામા...

રવિ – હમ હી આયા નૂર સે અમરાપુર મેરા ધામા

સુરતા ચડી અસમાને ઠેરાણી, બ્રહ્મ હમેરા ઠામ....

ખીમ – કોન શબ્દ સે ધૂન લગાવો, કોન નામ નીરધાર્યા

ખીમદાસ રવિદાસકું પૂછે, માહી ખેલો છો કે બારા...

રવિ - સત્ શબ્દ સે ધૂન લગાવું, ઓહ નામ નીરધાર્યા

રવિરામ કહે ભાણ પ્રતાપે, ઓહં સોહ અપારા

સંતો ભેદ અગમરા બૂજો રે......૨

આ બન્ને બુંદ અને નાદ શિષ્યો ગુરુ ભાણના કૃપાપાત્ર હતા. તેનો સંવાદ ગય અને નાદ સ્વરુપે જિજ્ઞાસુની જિજ્ઞાસાની તૃપ્તિ સરજે છે. અગમનો ભેદ રહસ્ય અમને જણાયો ત્યાંથી પ્રશ્નોની શરૂઆત થાય છે અને પછી તો આ વણઝાર પ્રવાહિતા જ્ઞાનપૂર્તિના શેઢા સુધી જાવાનો પ્રયત્ન કરે છે. કેવી રાતે સદ્ગુરુનું સ્મરણ કરવું? કઈ રીતે નામ લેવું? કેવી રીતે જોવાથી ઘટોઘટમાં બિરાજતા આત્મરામનું પ્રત્યક્ષીકરણ થાય? પ્રત્યેક શ્વાસ ઉચ્છવાસની સાથો-સાથ સ્મરણ થતું રહે. અહર્નિશ નામ જપ થતા રહે અને સૂરત સૂરતથી બારીક નિરીક્ષણ કરીએ તો ઘટો-ઘટમાં બિરાજમાન આતમરામના દર્શન થઈ શકે. આ શરીરમાં કયાંથી વિજળીના ચમકારા થાય છે? અને કયાંથી કયા સ્થાનેથી જયોતિ પ્રગટ થાય છે ગુરુની નોબત કયાં વાગે છે? અને તખ્ત ઉપર કોણ બિરાજમાન છે? આ શરીરમાં આપોઆપ વીજળીના તેજના ચમકારા થાય છે. ત્રિકુટી મહેલમાં જયોત જાગે છે. ગગનમંડળમાં અનાહતતારૂપી નોબત વાગે છે. અને સ્વયં આત્મા સદ્ગુરુરૂપે બિરાજમાન થાય છે. તમે કયાંથી આવ્યા? કયાં જવાના? તમારું સ્થાન કર્યું? આત્મા કયાંથી આવ્યો છે? અને કયાં જવાનો છે? આ કાયા, શરીર તો પલકવારમાં પડી જાય ત્યારે એનું મૂળ સ્થાન રહેઠાણ કર્યાં છે? અમે તેજ–પ્રકાશ-નૂરમાંથી આવ્યા છીએ. અમારું ધામ અમરાપુર છે. અમારી પૂરતા આસમાન સુધી ચડીને સ્થિર થયેલી છે અને બ્રહ્મ અમારું સ્થાન છે. તમે કયા શબ્દની

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

ધૂન લગાવો છો? કયા શબ્દના જાપ કરો છો? કયા નામ-વચનની સાધના કરો છો? આવું ખીમદાસ રવિદાસને પૂછે છે કે તમે અંદર ખેલો છો કે બહાર ત્યારે રવિસાહેબ કહે છે કે હું સત શબ્દની ધૂન લગાવું છું. ઓહમ નામના નિરધાર કરીને મારા સદ્ગુરુ ભાણ સાહેબની કૃપાથી ઓહ–સોહંથી પણ પર એવા પ્રદેશમાં વિહાર કરું છું. અહીં ખીમ સાહેબ જીજ્ઞાસુ માનવીનું પ્રતિનિધિત્વ કરે છે અને ગુરુકૃપા –પ્રભુકૃપા અને શારદાકૃપાથી વિસાહેબ જ્ઞાતા નિયંતાની ભૂમિકા દ્વારા જિજ્ઞાસાપૂર્તિનું પ્રતિનિધિત્વ નિભાવે છે. ગહનતાને સરળતામાં ફેરવવાની ભજનની આ લાક્ષણિકતા છે. તેવીજ રીતે આ ભજન પણ ભકિતમાળાનાં નશો ચડાવે છે. જેમ દાસી જીવણ કહે છે કે પ્યાલો મેં પીધેલ છે ભરપૂર

દયા કરીને જેને પ્રેમ પાયો, નૈનુમેં આયા નૂર...પ્યાલો મે...

ભકિતનો પ્યાલો અને માળાનો પારો ભકતની આધાત્મિક ખુમારી પ્રગટાવે છે, 'માળા' સંસારના માળામાંથી મુકત કરી ચિત એકાગ્રતાની સફરમાં મોકલી આપે છે. ખીમદાસ કહે છે.....

સંતો ! ફેરો નામની માળ

હે જી તારા કટે જનમ્ જંજાળા.... સંતો

ગુરુગમ કેરા કૂંચી કર લે, કટે મોહકા તાળાં,

ઈ તાળાને દૂર કરો તો, ઘટ ભીતર અંજવાળા... સંતો

આ કાયામાં પરગટ ગંગા સીદ ફરો પથપાળા

ઈ ગંગામાં અખંડ નાઈ લ્યો મત નાવ નદીયું નાળા... સંતો

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

આ દિલ ભીતર બુધ્ધિ સમુંદર, ચલત નાવ ચોધારા, ઈ રે નાવમાં હીરલા માણેક, ખોજે ખોજનહારા...

સંતો

સ્મરણ કરી લે પ્રાશ્ચિત,

ચિત મ કર તું ચાળા, ખીમદાસ ગુરુ ભાણ પ્રતાપે હરદમ બોલે પ્યારા...સંતો

ખીમ સાહેબ ગાય છે કે હે સંતો તમે સત્તામની માળા ફેરવો. તમારા કરોડ જનમના પાપ નાબૂદ થઈ જશે. સદ્ગુરુ પાસેથી જ તેની આગમભેદની કૂંચી મેળવી મોહમાયાના તાળા ખોલી ઘટ ભીતર પૂર્ણજ્ઞાનરૂપી અજવાળું પ્રાપ્ત કરવાનું છે. આ કાયાના પિંડમાંજ પરગટ ગંગા વહે છે. તેને છોડી બહારના નદી–નાળામાં સ્નાન કરવાનો કોઈ અર્થ નથી. બુધ્ધિ સમદરમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપી ચોધારી નાવડી ચાલી રહી છે. જેમાં હીરા, માણેક અને મોતી ભરેલા છે પણ તેને કોઈક જ ખોજનહારા ખોજી શકે છે. માટે સ્મરણ કરી લે, પ્રાયશ્ચિત કરી લે. ચિતને સ્થિર કરી લે અને ઘટમાં હરદમ હિર બોલે છે તેના દર્શન કરી લે.[૬]

VIDHYAYANA

મુકિતનો અહનિશ આનંદ ચિતને પ્રભુકૃપામાં રમમાણ કરવાનો ભાવ સદ્ગુરૂરૂપી દીવાદાંડીનો સહારો અને જ્ઞાનપ્રાપ્તિની તીવ્ર ઝંખના અને ભેદ ઉકેલવાની ભકિતની ભાવના આવા ભજનોમાં રૂપાત્મક અને પ્રતીકાત્મકરૂપે પીરસીને ભકતોએ આહલેક જગાવી છે. આજ ભાણ અને તેની પરંપરાની ઉત્તમ ભેટ છે.

જેમ ભગવદ્ગીતા કૃષ્ણ-અર્જુનના સંવાદને ઉપનિષદીય વૈદર્ભી શૈલીમાં સરળ રીતે રજૂ કરે અને સર્વશાસ્ત્ર સાર કહે તેમ રવિસાહેબ, ખીમસાહેબ અને ભીમસાહેબના ભજનો પણ રસાળ લોકભાષામાં

છે. મૂલ્યવાન મોતીઓના આ મણકાઓ સંસ્કૃતિરૂપી રજવાડી હારમાં જ્ઞાનાત્મક સ્વરુપે શોભી રહયા છે. વરસોથી લોક હૃદયમાં ભાવ ભાગીરથી પ્રવાહને વહાવી રહયા છે. તેમાં શબ્દ માધુર્ય, નાદમાધુર્ય અને ભાવમાધુર્યનો ત્રિવેણી સંગમ રસિક માનવ સમુદાયને અહર્નિશ જ્ઞાનવારિનું સ્નાન કરાવે છે. ચિર-શાશ્વતશાંતિની અનુભૂતિ કરાવનાર આવા સંત કવિઓ અને ભજનિકો સરસ્વતીના વિખરાયેલા વિણાના તાર સમાન છે. જેનું રસપાન સંતોની જ્ઞાન પ્રસાદીનું રોચક સ્વરુપ છે અને પ્રસ્તુત ભાવને જીવંત કરે છે. [૭]

मा कश्चित दुःखमाप्नुयात ।।

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

**સંદર્ભ:**

૧. શ્રીમદ્ ભગવદ્ગીતા – અધ્યાય-૧૭ શ્લોક... ૧૫

૨. સંત સમાજ ભજનાવલી – પ્રકાશક – મહાદેવ રામચંદ્ર જુગટે

૩. 'ફુલછાબ' પૂર્તિ...ધર્મભૂમિ...પૃષ્ઠ-૭ ભજનભેદ હૈ ન્યારા –૩૬ ડો. નિરંજન રાજયગુરુ

૪. દાસીજીવણના ભજનો – મહાદેવ રામચંદ્ર જુગટે પ્રકાશન- જૂનાગઢ

૫. એજન-૨

૬. એજન-૩, પૃષ્ઠ-૭ તા. ૧૦-૩-૨૦૧૬, ગુરુવાર

૭. 'પ્રાર્થના પ્રીતિ' પ્રકાશક: વલ્લભદાસ ઝવેરી-સદ્વિચારદર્શન, નિર્મલ નિકેતન-૨, ડો.ભાટેકર લેન – મુંબઇ-૪